જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૬/૦૮/૨૦૨૧ સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૪૮૬/૨૦૨૧

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૫/૦૮/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૬૩૭ | ૦ | ૧૧૬૩૭ | ૧૭૭૪૮ | ૦ | ૧૭૭૪૮ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૨ | ૦ | ૪૭૩૨ | ૬૨૬૮ | ૦ | ૬૨૬૮ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૦૭ | ૦ | ૧૦૭ | ૩૭૪ | ૦ | ૩૭૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૬૮૧૦૮ | ૮૬ | ૬૮૧૯૪ | ૬૮૯૧૨ | ૯૯ | ૬૯૦૧૧ |
| કુલ | | ૮૪૫૮૪ | ૮૬ | ૮૪૬૭૦ | ૯૩૩૦૨ | ૯૯ | ૯૩૪૦૧ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૫૮ | ૧,૪૮,૦૫૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૯૬૬ | ૯,૬૬,૦૦૦/- |

# પાસા અટકાયતની વિગત

## ચાંદખેડા પોલીસ સ્ટેશન

## દેશીદારૂની હેરાફેરી કરતા ઇસમને પાસા અટકાયત હેઠળ રાજકોટ જેલ ખાતે મોકલી આપતી ચાંદખેડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'એલ' ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં પ્રોહી/જુગારની પ્રવૃત્તિ સદંતર નેસ્ત નાબુદ કરવા સુચના કરેલ હોય જે આધારે અત્રેના ચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવા ગુનાઓ આચરતા ઈસમો ઉપર સતત વોચ રાખી અત્રેના પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં. ૧૧૧૯૧૦૦૮૨૧૦૧૬૯/૨૦૨૦ ધી પ્રોહી એક્ટ કલમ.૬૬(બી) ૬૫(ઇ),૮૧, ૯૮(૨) ગુનાના કામના આરોપી ભુપેન્દ્ર ઉર્ફે ભુપી ઉર્ફે ભોપી સ/ઓ પ્રેમાજી ગોપીજી ભાટી ઉં.વ.૩૫ ધંધો-છુટક મજુરી રહે.મદ્રાસીના છાપરા કેશવનગર, સેન્ટ્રલ જેલ રોડ, શરણ એપાર્ટમેન્ટની બાજુમાં રાણીપ, અમદાવાદ શહેર મુળ વતન પારસ કોલોની, બ્યાવર સીટી, જી.અજમેર (રાજસ્થાન) નાનો પોતાના સાગરીતો સાથે મળી પોલીસથી ચોરી છુપીથી દેશીદારૂ ૭૭૪ લિટર કિ.રૂ.૧૫,૪૮૦/- તથા રોકડ નાણાં રૂ.૧૫૦૦/- તથા એક ફોર વ્હીલ ગાડી નં. GJ-01-KQ-8060 કિ.રૂ. ૨,૫૦,૦૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૧ કિંમત રૂ.૧૦,૦૦૦/- મળી કુલ્લે ૨,૭૬.૯૮૦/ની મત્તાનો મુદ્દામાલ તેમજ દેશીદારૂ ૭૨૦ લિટર કિ.રૂ.૧૪,૪૦૦/- તથા એક ફોર વ્હીલ ગાડી નં.GJ-01-KB-9673 કિ.રૂ.૧,૫૦,૦૦૦/- તથા એક મોબાઇલ ફોન કિ.રૂ.૫,૦૦૦/ મળી કુલ્લે કિ.રૂ.૧,૬૯,૪૦૦/- ની મત્તાનો મુદ્દામાલ સાથે હેરાફેરી કરતો મળી આવેલ હોય અને સદરી આરોપીની આવી પ્રવૃતિ પ્રોહી કલમ ૯૩ કે જી.પી.એક્ટ કાયદાની સામાન્ય જોગવાઇઓ અનુસાર તાત્કાલીક અટકાવી શકાય તેમ ન હોય જેથી સદરી આરોપી વિરૂધ્ધમાં પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશનર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓને મોકલી આપતા મે.પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર નાઓએ હુકમ ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૪૭૬/૨૦૨૧ તા.૧૫/૦૮/૨૦૨૧ થી સદરી આરોપીને રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરેલ હોય સદરી આરોપીને આજરોજ તા.૧૫/૦૮/૨૦૨૧ કલાક ૨૩/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપેલ છે.

### કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) હે.કો. સુરેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૭૦૦૩

(૨) પો.કો. ગુણવંતસિંહ અજીતસિંહ બ.નં.૬૬૭૮

(૩) પો.કો. પ્રકાશભાઇ કાન્તીભાઇ બ.નં.૧૩૧૬૭



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૮૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૫૬ લીટર દેશી દારૂ, ૫ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧ ક્વાટર ઇંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૧૧ કેસ કરી, ૫૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૨,૮૭૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૮૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૪૮૯/૨૦૨૧**

**વેજલપુરઃ** સુરેશભાઇ વિજયભાઇ રાઠોડ (રહે.ઓમ શાંતિનગર સોસાયટી ક્રીષ્ણાનગરી સોસાયટીની બાજુમાં મકરબા રોડ વેજલપુર) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૮/૨૦૨૧ રાતના ૧૦/૦૦ થી તા.૧૫/૦૮/૨૦૨૧ સવારના ૬/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના તથા પડોશીના મકાનમાંથી રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૮૨,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.ડિ.ભટ્ટ ચલાવે છે.

**ટ્યુબવેલ ક્રેન નીચે આવી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૪૯૦/૨૦૨૧**

**સોલા હાઈકોર્ટઃ** ઘાટલોડીયા શાયોના સ્કુલની પાછળ નિર્માણ ટ્વીંસ બંગલોઝ ખાતે ટયુબવેલ ક્રેનથી પાણીના બોર ડ્રીલીંગ કામ ચાલતુ હોઈ જેમાં મજુરી કરતા અને ત્યા જ રહેતા શંકર ગંગારામ પરમાર (ઉ.વ.૩૦) (મુળ વતન. ગામ-સરેરા (ઇટવા ફળિયુ) તા-ખેરવાડા, જી-ઉદયપુર, રાજસ્થાન) તા.૧૫/૦૮/૨૦૨૧ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે નિર્માણ ટ્વીંસ બંગલોઝ ખાતે રહેણાંકના વાહનોની અવર-જવર માટે ટયુબવેલ ક્રેન વચ્ચે હોવાથી ટયુબવેલ ક્રેન હટાવવાની જરૂરીયાત ઉભી થતા ટયુબવેલ ક્રેનના ડ્રાયવર હાજર ન હોઈ શંકર પરમાર ટયુબવેલ ક્રેન ચાલુ કરવા ગાડીની નીચે ગયેલ અને ગાડીનુ વાયરીંગ જોઇન્ટ કરી ગાડી ચાલુ કરતા ગાડી ગીયરમા હોવાથી ચાલુ થઈ આગળ વધતા શંકર પરમાર ગાડીના ટાયર નીચે આવી જતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો..શ્રી રણવિરસિંહ વજેસિંહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૪૯૧/૨૦૨૧**

**આનંદનગરઃ** વિજયાબહેન નારણભાઇ ખિમસુરિયા (ઉ.વ.૪૨) (રહે. સોહમકુંજ સોસાયટી આશા કિરણ ટાવર સામે રેડિયો મીર્ચી રોડ વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૮/૨૦૨૧ કલાક ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે બાથરૂમમાં જાળી સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.જાદવ ચલાવે છે.

**વેજલપુરઃ** કૃષ્ણાકુમારી ઉર્ફે ક્રિશ્નાકુમારી હરજીભાઇ સાલવી (ઉ.વ.૧૫) (રહે. શિવાલય એપાર્ટમેન્ટ ગોગા મહારાજના મંદિર સામે વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૮/૨૦૨૧ સાજના ૬/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.વણઝારા ચલાવે છે.

**રામોલઃ** અમીતભાઇ જશભાઇ ગોહેલ (ઉ.વ.૪૩) (રહે.ઇશાનંદ સોસાયટી સિંધવાઇ માતાના મંદિર પાસે રામોલ) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૮/૨૦૨૧ કલાક ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૫/૦૮/૨૦૨૧ કલાક ૩/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કમલેશભાઇ અર્જુનભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી